મંડળ આ કાયદાના આદેશ મુજબ રાજય સરકારને ટ્રીબ્યુનલ અને અપીલ ટ્રીબ્યુનલ સ્થાપવાના મુદ્દે તાકીદના ધોરણે રજૂઆત કરશે.

(ખ) માતા પિતા અને વરિષ્ઠ નાગરિકો માટે ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭ ની કલમ–૧૯ માં અકિંચન વરિષ્ઠ નાગરિક એટલે કે એવા વરિષ્ઠ નાગરિકો કે જેઓ રાજય સરકાર દ્વારા સમયે સમયે નકકી કર્યા મુજબ પોતાનું ભરણપોષણ કરી ન શકે તેટલી અપૂરતી આવક ધરાવતા હોય તેમને માટે પૂરતી સંખ્યામાં વૃધ્ધાશ્રમ સ્થાપવાના મુદ્દે રજૂઆત કરશે. રાજય કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ – સી.એસ.આર. અંતર્ગત અકિંચન વરિષ્ઠ નાગરિકો માટે વૃધ્ધાશ્રમની સ્થાપના કરવાની શકયતાઓની ચકાસણી કરશે.

(ગ) વરિષ્ઠ નાગરિકોને પૂરતી સુવિધા મળી રહી છે તથા તેમની સાથે સન્માનનીય વ્યવહાર કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવા રાજય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા વૃધ્ધાશ્રમની નિયમિત મુલાકાત લેવાની રહેશે.

## કાનૂની સહાયતા કિલનિકો :–

(ક) રાજય કાનૂની સેવા સત્તા મંડળ માતા–પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણનો કાયદો – ૨૦૦૭ હેઠળ સ્થાપિત થયેલ દરેક પંચ અને અપીલ પંચો ખાતે, તથા વૃધ્ધાશ્રમ ખાતે કાનૂની સહાયતા કિલનિકોની સ્થાપના કરશે.

(ખ) હાલમાં જયારે ઉપરોકત પંચો સમક્ષ વકીલોને હાજર થવા સામે મનાઈ છે, ત્યારે પ્રશિક્ષિત અર્ધ કાનૂની સ્વયંસેવકો કાનૂની સહાયતા કિલનિકો ખાતે વરિષ્ઠ નાગરિકોને અરજીઓ કરવામાં અને અન્ય પ્રક્રિયાગત જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

(ગ) કાનૂની સહાયતા કિલનિકોની સ્થાપના વિશે પોલીસ અને બિન સરકારી સંસ્થાઓ સહિત બધી જ સરકારી સંસ્થાઓ અને વિભાગોને જાણ કરવાની રહેશે.

(ઘ) આ રીતે સ્થપાયેલ કાનૂની સહાયતા કિલનિકોની કામગીરી, માળખાકીય સુવિધાઓ, રેકર્ડ અને રજીસ્ટરની જાળવણી, અર્ધ કાનૂની સ્વયંસેવકોની નિયુકિત અને કિલનિકો ઉપર નિયંત્રણ જેવી બાબતોનું નિયમન રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (કાનૂની સેવા કિલનિકો) નિયમો, ૨૦૧૧ મુજબ થશે.

(ચ) રાજય કાનૂની સેવા સત્તામંડળ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ કોલેજો તથા વિશ્વ વિદ્યાલયોમાં સ્થપાયેલ કાનૂની સેવા કિલનિકો ના વિદ્યાર્થીઓને વૃધ્ધાશ્રમની મુલાકાત લેવા માટે, તથા સમાજના વરિષ્ઠ નાગરિકોને કાનૂની સહાય પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરશે.

(છ) કાનૂની સહાયતા કિલનિકો વિધવાઓ તથા વરિષ્ઠ નાગરિકોને નિવૃતિ વેતનને લગતા લાભો તથા અન્ય હકકો મેળવવા માટે મદદ કરશે.

## જાગૃતિ કાર્યક્રમો :–

- કાનૂની સેવા સંસ્થાઓ વરિષ્ઠ નાગરિકોની જરૂરિયાતો માટે લોકો વચ્ચે એવા સંવેદનાત્મક જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરશે કે બાળકોની એ નૈતિક ફરજ છે કે વરિષ્ઠ નાગરિકોને તેઓની વૃધ્ધાવસ્થા દરમિયાન નિરાધાર ન છોડવા અને તેઓની કાળજી લેવી.
- રાજય કાનૂની સેવા સત્તા મંડળે, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળો સાથે મળીને વરિષ્ઠ નાગરિકોને વિવિધ કાયદાઓ અને સરકારી યોજનાઓ હેઠળ મળવાપાત્ર હકકો વિશે જાગૃતિ ફેલાવતા કાર્યક્રમોનુ આયોજન કરશે.
- વૃધ્ધાશ્રમોમાં કે એવી જગ્યાઓ કે જયાં વરિષ્ઠ નાગરિકો વારંવાર મુલાકાત લેતા હોય ત્યાં ખાસ જાગૃતિ ઝુંબેશ હાથ ધરી શકાય, અને અર્ધ કાનૂની સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી શકાય.
- જાગૃતિ કાર્યક્રમોનાં આયોજન દરમિયાન, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિઓ વરિષ્ઠ નાગરીકો માટે ખાસ આરોગ્ય ચકાસણી કેમ્પ જેવા કે સામાન્ય આરોગ્ય કેમ્પ, આંખ ચકાસણી કેમ્પ વિગેરેનાં આયોજન માટે સંબંધિત આરોગ્ય વિભાગ સાથે પણ સંકલન સાધી શકે છે અથવા તો વરિષ્ઠ નાગરિકોની ખાસ નોંધણી ઝુંબેશના આયોજન માટે પોલીસ સાથે પણ સંકલન સાધી શકે છે.
- લોક જાગૃતિ ફેલાવવાની શકય હોય તે બધી જ પધ્ધતિઓનો ઉપયોગ થવો જોઈએ, જેમકે દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડીયો, ખાનગી ટી.વી. ચેનલો, જાહેરાતોના બોર્ડ (હોર્ડીગ્સ), સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, ધાર્મિક મેળા, તહેવારો દરમિયાન સ્ટોલ લગાડવા વિગેરે.

## વિવિધ યોજનાઓનો અમલ :–

(ક) રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ વરિષ્ઠ નાગરિકો અને સરકારી કર્મચારીઓ માટે નીતિઓ, યોજનાઓ, કાર્યક્રમો વિશેની માહિતીનો પ્રચાર કરવા માટે જરૂરી એવા બધાજ પગલાં લેશે.

(ખ) રાજય કાનૂની સેવા સત્તા મંડળ સુનિશ્ચિત કરશે કે આ માહિતીને વૃધ્ધાશ્રમો, દવાખાનાઓ અને અન્ય જગ્યાઓએ તરત નજરે પડે તે રીતે પ્રદર્શિત કરવામાં આવે કે જયાં વરિષ્ઠ નાગરિકોની વધુ અવરજવર હોય.

(ગ) વિવિધ રાજયોમાં વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે ખાસ યોજનાઓ હોય છે. જેવી કે, વરિષ્ઠ નાગરિકોની સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધણી વિગેરે. રાજય કાનૂની સેવા સત્તા મંડળ કાયદા અમલીકરણ એજન્સી સાથે વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સંબંધે કડીરૂપ બનશે અને તે પોલીસ અને વરિષ્ઠ નાગરિકો વચ્ચેના સંપર્કને સતત ચોકી પહેરો અને દર અઠવાડિયામાં/ પખવાડીયામાં એક વખત વરિષ્ઠ નાગરિકો સાથે નિયમિત સંપર્ક દ્વારા આગળ ધપાવશે. રાજય કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અર્ધ કાનૂની સ્વયંસેવકોને નિયુકત કરશે કે જેઓ વરિષ્ઠ નાગરિકોની પોલીસ સ્ટેશનમાં નોંધણી, માલિક અને ભાડૂઆતની ખરાઈ અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સાથે સંકળાયેલી અન્ય બાબતોમાં સહાય કરશે.

(ઘ) લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓ અને તેના લાભો કે જેના માટે તેઓ હકકદાર હોય તેના વિશે જણાવવું, યોજનાઓ હેઠળના લાભો મેળવવા જરૂરી દસ્તાવેજો મેળવવામાં લાભાર્થીઓને મદદ કરવી, નિયુકત કરેલ સત્તામંડળ અથવા અધિકારીના નામ અને સરનામા વિશે લાભાર્થીને જણાવવું કે જેથી તેઓ યોજનાઓ હેઠળના લાભો મેળવવા તેઓનો સંપર્ક કરી શકે તથા નિયુકત કરેલ સત્તામંડળની કચેરી અથવા યોજના હેઠળના સંબંધિત અધિકારી પાસે લાભાર્થીઓની સાથે અર્ધ કાનૂની સ્વયંસેવકો મોકલવા વિગેરે જેવી બાબતોનો કાનૂની સેવાઓમાં સમાવેશ થાય છે.

વિડીયો જોવા માટે અહી કિલક કરવા વિનંતી–
https://www.youtube.com/watch?v=CutLBOMIfao

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ
# અમદાવાદ

# નાલસા
# (વરિષ્ઠ નાગરિકો માટે કાનૂની સેવાઓ) યોજના, ૨૦૧૬
# – સંક્ષિપ્ત આલેખન

### કેવળ જન જાગૃતિ અર્થે

- આ યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે સંબંધિત વિભાગના સક્ષમ પદાધિકારી અથવા ગુજરાત રાજ્ય કાનૂની સેવાસત્તા મંડળ, અમદાવાદનો સંપર્ક કરવો.

  (ટેલીફોન-ફેક્સ નં. ૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬)

  તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦

  (Website:http://gujarathighcourt.nic.in/gslsa/index.asp)
  (email: msguj.lsa@nic.in)

  (જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ) નો સંપર્ક કરી શકાય છે.

- સૂચના-સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે. (કોઈ પણ પ્રકારનો દાવો કરતા પૂર્વે મૂળ સ્કીમ જોવી.)

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
**ત્રીજો માળ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બિલ્ડીંગ,**
**ગુજરાત હાઈકોર્ટ પોસ્ટ ઓફિસ પાસે,**
**ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**
**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦**

## પૂર્વભૂમિકા :–

છેલ્લા ઘણા વર્ષોમાં વિજ્ઞાનની પ્રગતિના કારણે સરેરાશ આયુષ્યમાં નોંધપાત્ર વધારો થયો છે. વરિષ્ઠ નાગરિકો માટેની રાષ્ટ્રીય નીતિ ,૨૦૧૧ માં જણાવ્યા મુજબ "વસ્તી વિષયક રૂપરેખા દર્શાવે છે કે, વર્ષ ૨૦૦૦ થી ૨૦૫૦ દરમ્યાન ભારતની કુલ વસ્તીમાં ૫૫% નો વધારો થશે. જ્યારે ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વયજુથમાં ૩૨૬% નો વધારો થશે અને ૮૦ વર્ષથી વધુના વયજુથમાં સૌથી વધારે – એટલે કે ૭૦૦% નો વધારો થશે.'' વિશ્વની ૧/૮ વૃધ્ધ વસ્તી ભારતમાં વસે છે. હકીકતમાં વૃધ્ધ વ્યકિતઓની વસ્તીમાં, વર્ષ ૧૯૫૧માં લગભગ ૨ કરોડથી વર્ષ ૨૦૦૧માં ૭.૨ કરોડનો વધારો નોંધાયો હતો અને તે વસ્તી વર્ષ ૨૦૧૧માં ૧૦.૩૮ કરોડ હતી. આમ, ૮% વસ્તીની ઉંમર ૬૦ વર્ષથી વધુ છે. ૬૦ વર્ષથી વધારે ઉંમરના વ્યકિતઓની સૌથી વધુ ટકાવારી કેરાલા રાજયમાં છે. રાજયની કુલ વસ્તીમાં વૃધ્ધ નાગરિકની સંખ્યા ૧૨.૫૫% છે. ૬૦ વર્ષ કે તેથી વધુના વયજૂથમાં સ્ત્રીઓની સંખ્યા વધુ છે, જેમાં ૨૦૧૧ની વસ્તી ગણત્રી મુજબ સ્ત્રીઓની સંખ્યા ૫,૨૭,૭૭,૧૬૮ ની સરખામણીએ પુરૂષોની સંખ્યા ૫,૧૦,૭૧,૮૭૨ હતી. સંયુકત કુટુંબના વિભાજનના લીધે આ સમસ્યાઓમાં વધારો થયો છે અને વધુને વધુ વૃધ્ધ વ્યકિતઓને તરછોડી દેવામાં આવી રહયા છે. કુટુંબના કમાતા સભ્યો ગામડામાંથી શહેરો તરફ સ્થળાંતર કરી રહયા છે. તેથી ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓ અને વૃધ્ધ વ્યકિતઓને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરો (એન.સી.આર.બી.) ના અહેવાલ અનુસાર જાન્યુઆરી ૨૦૧૪ થી ઓકટોબર ૨૦૧૪ સુધીમાં વરિષ્ઠ નાગરિકો વિરૂધ્ધના ગુનાના કુલ ૮૯૭૩ કેસો નોંધાયા હતા. વર્ષ ૧૯૪૮ થી વૃધત્વનો મુદ્દો સમયે સમયે સંયુકત રાષ્ટ્રમાં ઉઠાવવામાં આવ્યો છે. વર્ષ ૧૯૮૨ માં વૃધત્વ ઉપર વિશ્વ સંમેલન વિયેનામાં યોજવામાં આવ્યું હતું. જેમાં વૃધ્ધત્વ અંગેના આંતરરાષ્ટ્રીય પગલાની યોજના સ્વીકારવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદેશ વૃધ્ધોની ખાસ જરૂરીયાત અને હિતને ધ્યાનમાં રાખી દેશની વસ્તીની ઉંમરમાં થતા વધારાને પહોંચી વળવા માટે દરેક દેશની ક્ષમતાનો વિકાસ કરવાનો છે. વર્ષ ૧૯૯૧ માં વરિષ્ઠ નાગરિકોની સ્વતંત્રતા, ભાગીદારી, કાળજી, મોભો અને પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખી સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા અમુક સિધ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો. તા. ૧લી ઓકટોબર ને આંતરરાષ્ટ્રીય વૃધ્ધત્વ દિવસ તરીકે ઓળખવામાં આવે છે.

## યોજનાનો ઉદેશ :–

યોજનાનો મુખ્ય ઉદેશ નીચે મુજબ છે :–

- કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ ની કલમ–૧૨ મુજબ, વરિષ્ઠ નાગરિકો માટે કાનૂની સહાયઅને પ્રતિનિધિત્વને રાષ્ટ્રીય, રાજય, જિલ્લા અને તાલુકા કક્ષાએ મજબૂત બનાવવી કે જેથી પ્રવર્તમાન વિવિધ કાનૂની જોગવાઈઓનો લાભ લઈ શકાય.
- સત્તા મંડળ તથા સંસ્થાઓ જેવા કે માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ માટેનો કાયદો, ૨૦૦૭ અંતર્ગત ટ્રીબ્યુનલ અને એપેલેટ ટ્રિબ્યુનલ તથા વરિષ્ઠ નાગરિકો માટે વૃધ્ધાશ્રમની સ્થાપના થાય તે સુનિશ્ચિત કરવું.
- વરિષ્ઠ નાગરિકોને જુદાજુદા કાયદાઓ તથા સરકારી યોજનાઓ અને કાર્યક્રમો અંતર્ગત મળવાપાત્ર હકકો તથા અધિકારો વિશે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળો, તાલુકા કાનૂની સેવા સમિતિઓ, પેનલ વકીલો, અર્ધ કાનૂની સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ અને કાનૂની સહાયતા કિલનિકો દ્વારા જાગૃતિ ફેલાવવી.
- તાલીમ, અભિગમલક્ષી અને સંવેદનાત્મક કાર્યક્રમો યોજીને પેનલ વકીલો, અર્ધ કાનૂની સ્વયંસેવકો, કાનૂની સહાયતા કિલનિકોના સ્વયંસેવકો, વિવિધ યોજનાઓના અમલ સાથે સંકળાયેલા સરકારી અધિકારીઓ, સેવા આપનારાઓ, પોલીસ અને બિન સરકારી સંસ્થાઓની કાર્યક્ષમતા વધારવી.

## કાયદાકીય માળખું :–

- હાલ પ્રવર્તમાન મોટા ભાગના કાયદાઓ મા–બાપના જીવન નિર્વાહની જોગવાઈ કરવા વિશે છે અને તેમાં વરિષ્ઠ નાગરિકોનો ચોકકસ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. હિન્દુ દત્તક અને ભરણપોષણ ધારો, ૧૯૫૬ મુજબ વૃધ્ધ અને બિમાર મા–બાપને પોતાના પુત્ર અને પુત્રી તરફથી ખાધાખોરાકી મેળવવાનો અધિકાર છે. એ શરતે કે મા–બાપ પોતાની આવક તથા મિલ્કતમાંથી પોતાનો જીવન નિર્વાહ ન ચલાવી શકતા હોય. મુસ્લીમ પર્સનલ લો બાળકો ઉપર જવાબદારી મૂકે છે કે, મા બાપ પોતાની રીતે કમાણી કરવા સક્ષમ હોવાછતાં સામાન્ય સજોગોમાં તેઓ પોતાના મા–બાપનું ભરણપોષણ કરે તથા જે તે વ્યકિતની જવાબદારી છે કે, જેમ તે પોતાના ગરીબ પિતાનું ભરણ પોષણ કરે છે, તેવી જ રીતે જો તેના દાદા દાદી કે નાના નાની ગરીબ હોય તો જ, તેમનું ભરણપોષણ કરે.
- ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૨૫ થી ૧૨૮ માતા કે પિતાને અધિકાર આપે છે કે, જો તેઓ પોતાનો જીવન નિર્વાહ ન ચલાવી શકતા હોય તો તેઓ પોતાના પુખ્ત પુત્ર / પુત્રી જેઓ મા–બાપની ઉપેક્ષા કરે છે અથવા તેમનું ભરણપોષણ કરવાનો ઈન્કાર કરે છે તેમની પાસેથી ભરણપોષણ માંગી શકશે. જો કોઈ વ્યકિત જેની વિરૂધ્ધ આદેશ આપવામાં આવ્યો છે તે યોગ્ય કારણ સિવાય ભરણપોષણની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો, કાર્યપાલન અરજી દાખલ કરી શકાય છે અને આદેશનો અનાદર કરવા માટે કોર્ટ દંડ પણ કરી શકે છે અને જે તે વ્યકિતને જેલની સજા પણ કરી શકાય છે. તેવી જ રીતે જો માતા ઘરેલુ હિંસાનો ભોગ બને તો તે ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ ધારો, ૨૦૦૫ મુજબ પોતાના પુત્ર સામે અરજી દાખલ કરી શકે અને આ કાયદામાં આપવામાં આવેલ અલગ અલગ દાદ મેળવી શકે.
- વરિષ્ઠ નાગરિકોના હકકોના રક્ષણની જરૂરીયાતને ધ્યાને રાખી તથા બંધારણીય હેતુઓને આગળ વધારવા માટે માતા પિતા અને વરિષ્ઠ નાગરિકના ભરણપોષણ અને કલ્યાણ માટેનો કાયદો, ૨૦૦૭ ઘડવામાં આવ્યો છે. આ કાયદા મુજબ...

  (અ) 'મા–બાપ' એટલે કે માતા અથવા પિતા જેમાં કુદરતી, દત્તક લેનાર કે સાવકી માતા તથા સાવકા પિતાનો સમાવેશ થાય છે. અને ...

  (બ) 'વરિષ્ઠ નાગરિક' એટલે કે ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યકિત, ભરણપોષણની અરજી દાખલ કરી શકે છે. આવી ભરણપોષણની અરજી.....

  અ) માતાપિતા કે દાદા દાદી પોતાના એક કે એકથી વધારે સંતાનો એટલે કે પુત્ર, પુત્રી, પૌત્ર અને પૌત્રી જેઓ સગીર ન હોય, તેમની વિરૂધ્ધ દાખલ કરી શકશે. અને..

  બ) નિઃસંતાન વરિષ્ઠ નાગરિક પોતાના સગા એટલે કે કાનૂની વારસ જે સગીર નથી અને જે હાલમાં તેમની મિલ્કતનો કબજો ધરાવે છે અથવા તેમના મૃત્યુ પછી જે તેમની મિલ્કતનો વારસદાર બનશે, તેની વિરૂધ્ધ આવી અરજી દાખલ કરી શકશે.
- આ કાયદાની મહત્વની વિશેષતા એ છે કે જો કોઈ વ્યકિત પોતાની સંભાળ અને રક્ષણમાં રહેલા વરિષ્ઠ નાગરિકને તરછોડે તો તે ગુનો બને છે અને આવા ગુના માટે મહત્તમ ત્રણ મહિનાની જેલ અથવા રૂા.૫,૦૦૦/– સુધીનો દંડ અથવા બંનેની સજાની જોગવાઈ છે. વરિષ્ઠ નાગરિકની જીંદગી અને મિલ્કતના રક્ષણ માટે તથા તેમને મળી ના શકે તેવી જગ્યાએ તરછોડી દેતા અટકાવવા માટે આ એક મહત્વની જોગવાઈ છે. આ કાયદા અંતર્ગત,
  - ગરીબ વરિષ્ઠ નાગરિકો માટે વૃધ્ધાશ્રમ સ્થાપવાની જોગવાઈ છે.
  - સરકારી હોસ્પિટલ તથા સરકાર તરફથી પૂરેપૂરું અથવા આંશિક ભંડોળ મેળવતી હોસ્પિટલ દ્વારા વરિષ્ઠ નાગરિક માટે પથારી પુરી પાડવામાં આવે અને વરિષ્ઠ નાગરિકો માટે ઉભા રહેવા અલગ લાઈનની વ્યવસ્થા કરવામાં આવે અને વરિષ્ઠ નાગરિકોને હઠીલા, જીવલેણ તથા મટી ન શકે તેવી બિમારીમાં યોગ્ય સારવાર મળી રહે.

## વરિષ્ઠ નાગરિકો માટેની સરકારી યોજનાંઓ :–

- વૃધ્ધાશ્રમ, ડે કેર સેન્ટર અને મોબાઈલ દવાખાનાની સ્થાપના તથા બિન સંસ્થાકીય સેવાઓ પુરી પાડવા માટે બિન સરકારી સંસ્થાને પરિયોજના ના ખર્ચની ૯૦ % સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે.
- આવકવેરા ધારો, ૧૯૬૧ ની કલમ ૮૦–ડી અંતર્ગત આરોગ્ય વીમા પ્રિમિયમ રૂા.૩૦,૦૦૦/– સુધીની કપાત, વરિષ્ઠ નાગરિકો માટે નિર્દિષ્ટ કરાયેલ બિમારીની સારવાર માટે રૂા.૬૦,૦૦૦/– ની કપાત, આવકવેરા રીટર્ન ભરવા માટે વરિષ્ઠ નાગરિકોની અલગ લાઈન અને સ્થળ ઉપર ચકાસણીની સેવાઓ.
- ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધાવસ્થા પેન્શન યોજના અંતર્ગત ગરીબી રેખા નીચે આવતા ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકને રૂા.૨૦૦/– અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકને રૂા.૫૦૦/– માસિક પેન્શન આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી સહાય આપવામાં આવે છે અને આ સહાયમાં રાજય સરકાર ધ્વારા પણ તેટલી જ રકમનો ફાળો આપવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.
- ઈકોનોમી વર્ગની આંતરિક હવાઈ મુસાફરીમાં પ્રારંભિક ભાડામાં છુટછાટ અને વિમાનમાં બેસવા માટે અગ્રિમતા.
- વરિષ્ઠ નાગરિકોને રેલ્વેના દરેક વર્ગમાં રાહત, નીચેના બર્થમાં અગ્રિમતા, ટીકીટ ખરીદવા/રીઝર્વેશન અથવા રદ કરવવા અલગ કાઉન્ટરની વ્યવસ્થા તથા દરેક જંકશન, જિલ્લા મુખ્યમથકો અને મહત્વના સ્ટેશનો ઉપર વરિષ્ઠ નાગરિકો માટે વ્હીલચેરની વ્યવસ્થા.
- રાજયની એ.ટી.બસોમાં બે બેઠક અનામત તથા ભાડામાં રાહત.

## કાર્ય યોજના :–

### ટ્રીબ્યુનલ, અપીલ ટ્રીબ્યુનલની સ્થાપના :–

(ક) માતાપિતા અને વરિષ્ઠ નાગરિકો માટે ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭ ની કલમ ૭ માં ભરણપોષણના કેસો સાંભળવા અને તેનો નિકાલ કરવા માટે દરેક તાલુકા સ્તરે એક કે એકથી વધારે ટ્રીબ્યુનલની સ્થાપના કરવાની જોગવાઈ છે. આ કાયદાની કલમ–૧૫ માં ટ્રીબ્યુનલના આદેશ વિરૂધ્ધ અપીલ ટ્રીબ્યુનલ સ્થાપવાની જોગવાઈ છે. રાજય કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા કાનૂની સેવા સત્તા